અપીલ અરજી નં.૨૩૪ તા.૨૪–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મુસ્તુફા યુનુસભાઈ સાલેહ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુસ્તુફા યુનુસભાઈ સાલેહની તા.૧૪–૭–૧૧ની અરજીથી પટેલનગરમાં આવેલ ડો.જયદીપ બી.સાગરોળ (ડી.એચ.એમ.એસ.)પ્લોટ નં. એ.બી./૧૨ ,ચંન્દૃદિપ સોસાયટીએ પોતાની બિલ્ડીંગ ઉપર (વિડીયોકોન) કંપનીનો મોબાઈલ ટાવર જનરેટર સહિત મુકેલ છે જે ટાવર તેઓની બિલ્ડીંગમાં કયા પુરાવાઓના આધારે મુકવામાં આવેલ છે અને આપના ખાતા તરફથી તેઓને કયા પુરાવાઓના આધારે તે ટાવર મુકવાની પરમીશન આપવામાં આવેલ છે. તથા અરજદાર તથા મજકુર વિસ્તારના રહીશોએ ટાવર ઉતારવા સબબ અલગ અલગ તા.૨૦–૪–૧૧ અને તા.૨૪–૬–૧૧ ના રોજ કરેલી અરજી બાબતે શું કાર્યવાહી કરવામાં આવી તેની સ્પષ્ટ વિગતની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૩૪/૨૦૧૧–૧૨

શ્રી મુસ્તુફા યુનુસભાઈ સાલેહની તા.૧૪–૭–૧૧ની અરજીથી પટેલનગરમાં આવેલ ડો.જયદીપ બી.સાંગરોળ(ડી.એચ.એમ.એસ.) પ્લોટ નં. એ.બી./૧૨ ,ચંન્દૃદિપ સોસાયટીએ પોતાની બિલ્ડીંગ ઉપર (વિડીયોકોન) કંપનીનો મોબાઈલ ટાવર જનરેટર સહિત મુકેલ છે જે ટાવર તેઓની બિલ્ડીંગમાં કયા પુરાવાઓના આધારે મુકવામાં આવેલ છે અને આપના ખાતા તરફથી તેઓને કયા પુરાવાઓના આધારે તે ટાવર મુકવાની પરમીશન આપવામાં આવેલ છે. તથા અરજદાર તથા મજકુર વિસ્તારના રહીશોએ ટાવર ઉતારવા સબબ અલગ અલગ તા.૨૦–૪–૧૧ અને તા.૨૪–૬–૧૧ ના રોજ કરેલી અરજી બાબતે શું કાર્યવાહી કરવામાં આવી તેની સ્પષ્ટ વિગતની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે અરજદારની તા. ૨૦–૪–૧૧ તથા ૨૪–૬–૧૧ની અરજીઓ તેમને મળેલ છે કે કેમ ? મળેલ હોય તો તે અંગે થયેલ કાર્યવાહીની દફતરી વિગતો પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૨૧ તા.૨–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને તેમની કક્ષાએથી પણ દાવાનુસાર તા. ૨૦–૦૪–૧૧ તથા તા. ૨૪–૦૬–૧૧ની અરજીની નકલ આપેલ હોય તો તેવા આધાર સહિત રજુ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદારે તા.૭–૯–૧૧ નો આપેલ પૂરક પત્ર અત્રે મળેલ છે. પરંતુ તેની સાથે અપીલમાં જણાવેલ સંદર્ભેની તા.૨૦–૪–૧૧ અને તા.૨૪–૬–૧૧ ની અરજીની નકલ પૈકી તા.૨૦–૪–૧૧ થી મધ્યસ્થ કચેરી ધ્વારા સ્વીકારાયેલ અરજીની નકલ તથા અન્ય તા.૨૩–૮–૧૧ અને તા.૨૫–૫–૧૧ ના રોજ આપેલ અને મધ્યસ્થ કચેરી ધ્વારા સ્વીકારાયેલ અરજીઓ તેમજ તા.૧૬–૮–૧૧ ના રોજ પોલીસ ખાતામાં આપેલી અરજીની નકલો રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૪–૭–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ નિર્ણય કે કોઈ પણ જાતની માહિતી મળેલ ન હોવાથી તા.૨૪–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથીઅરજદારને કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આથી અરજદાર તરફથી માંગવામાં આવેલી માહિતી અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી તેમજ અરજદારની અપીલ અરજીમાં જણાવેલ તા.૨૦–૪–૧૧ અને જો મળેલ હોય તો તા.૨૪–૬–૧૧ ની અરજી બાબતે થયેલી કાર્યવાહીની હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે. આ સાથે અરજદારે અપીલ તબકકે પણ અન્ય તારીખો તા.૨૩–૮–૧૧ અને તા.૨૫–૫–૧૧ ની કાર્યવાહીને લગતી અરજીઓ બાબતે રજૂઆત કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૪–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), .....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મુસ્તુફા યુનુસભાઈ સાલેહ